THE POWER OF
BEING
UNDERSTOOD

www.rsmindia.in

# Labour Welfare Benefit Scheme



RSM

1. <u>શૈક્ષણીક પુરસ્કાર યોજના:</u>

<u>ધોરણ 10 માં પાસ થનારસંગઠિત ક્ષેત્રમાં કામ કરતા શ્રમયોગીઓના બાળકો માટે:</u>

- વર્ષ 2020 માં ધોરણ -10 બોર્ડની પરીક્ષામાં ઉતીર્ણ થયેલ અને જેમાં 70કે વધુ પર્સેન્ટાઇલ મેળવનાર વિદ્યાર્થીઓને રૂ.2, 500 શૈક્ષણીક પુરસ્કાર.
- આ યોજનાનો લાભ ગુજરાત રાજ્યમાં આવેલા કારખાના / સંસ્થામાં કામ કરતા શ્રમયોગીઓના બાળકોને જ આપવામાં આવશે.
- વિદ્યાર્થીઓના વાલી જે કારખાના / સંસ્થામાં કામ કરતા હોય તેમના દ્વારા સંબધિત વાલીનો છેલ્લા એક વર્ષનો લેબર વેલફરે ફંડ અત્રેની કચેરી ખાતે ભરવામાં આવતો હોય તેટલા બાળકો / વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.
- તા - 31 ડિસેમ્બર 2020 સુધીમાં અરજી કરવાની રહેશે ત્યારબાદ આવેલ અરજીઓ દફતરે કરવામાં આવશે.
- અધૂરા દસ્તાવેજ / અધૂરી વિગતો/ ખોટી વિગતે / નિયત સમય મર્યાદા બાદ મળેલ અરજી પત્રક દફતરે કરવામાં આવશે.
- માર્કશીટમાં દર્શાવેલ વિદ્યાર્થીના નામનો જ ચેક આપવામાં આવશે.
- કચેરીનો નિર્ણય આખરી ગણાશે. ન્યાય શ્રેત્ર અહમદાબાદ રહેશે.

<u>બિડાણ:</u>

- માર્કશીટની નકલ સ્વયં પ્રમાણિત કરી બીડવાની રહેશે.
- વિદ્યાર્થીના બેંક પાસબૂકના પ્રથમ પાનાની ઝેરોક્ષ
- વિદ્યાર્થીના આધારકાર્ડની નકલ
- શ્રમયોગીના આધારકાર્ડની નકલ

<u>ધોરણ 12 માં પાસ થનાર સંગઠિત ક્ષેત્રમાં કામ કરતા શ્રમયોગીઓના બાળકો માટે:</u>

- વર્ષ 2020 માં ધોરણ -12 બોર્ડ ની પરીક્ષામાં ઉતીર્ણ થયેલ અને જેમાં 70 કે વધુ પર્સેન્ટાઇલ મેળવનાર વિદ્યાર્થીઓને રૂ.5,500 શૈક્ષણીક પુરસ્કાર.
- આ યોજનાનો લાભ ગુજરાત રાજ્યમાં આવેલા કારખાના / સંસ્થામાં કામ કરતા શ્રમયોગીઓના બાળકોને જ આપવામાં આવશે.
- વિદ્યાર્થીઓના વાલી જે કારખાના / સંસ્થામાં કામ કરતા હોય તેમના દ્વારા સંબધિત વાલીનો છેલ્લા એક વર્ષનો લેબર વેલફરે ફંડ અત્રેની કચેરી ખાતે ભરવામાં આવતો હોય તેમના બાળકો / વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.
- તા - 31 ડિસેમ્બર 2020 સુધીમાં અરજી કરવાની રહેશે. ત્યારબાદ આવેલ અરજીઓ દફતરે કરવામાં આવશે.

- અધૂરા દસ્તાવેજ / અધૂરી વિગતે/ ખોટી વિગતે / નિયત સમય મર્યાદા બાદ મળેલ અરજી પત્રક દફતરે કરવામાં આવશે.
- માર્કશીટમાં દર્શાવેલ વિદ્યાર્થીના નામનો જ ચેક આપવામાં આવશે.
- કચેરીનો નિર્ણય આખરી ગણાશે. ન્યાય શ્રેત્ર અહમદાબાદ રહેશે.

બિડાણ:

- માર્કશીટની નકલ સ્વયં પ્રમાણિત કરી બીડવાની રહેશે.
- વિદ્યાર્થીના બેંક પાસબૂકના પ્રથમ પાનાની ઝેરોક્ષ
- વિદ્યાર્થીના આધારકાર્ડની નકલ
- શ્રમયોગીના આધારકાર્ડની નકલ

M.B.B.S./ B.D.S./ BAMS/ BHMS/ Physiotherapy/ B.Pharm/ B.E./ C.A/ ICWA / ICFA / C.S માં પ્રવેશ મેળવનાર શ્રમયોગીના બાળકો માટે:

- વર્ષ 2020 માં ધોરણ -12 બોર્ડ ની પરીક્ષામાં ઉતીર્ણ થયેલ અને જેમાં 70 કે વધુ પર્સેન્ટાઇલ મેળવનાર વિદ્યાર્થીઓને યોજનાનો લાભ.
- એમ.બી.બી.એસ. માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીને રૂ। 15000 તથા આયુર્વેદિક /હોમિયોપેથીક /ફિઝિયોથેરાપી /ફાર્મસી તથા મીકેનીક /ઈલેકટ્રીક /સિવિલ /ઈલેકટ્રીકલ જેવા કોઈપણ ઇજનેરી ડિગ્રી કોર્ષ તથા સી.એ। આઈ.સી.ડબ્લ્યુ.એ /આઈ.સી.એફ.એ /સી.એસ. માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીને રૂ 7500 સહાય મળવાપાત્ર રહેશે.
- 2020 માં પ્રવેશ મેળવ્યા બાદ 31 ડિસેમ્બર 2020 સુધીમાં અરજી કરવાની રહેશે. ત્યારબાદ મળેલ અરજી દફતરે કરવામાં આવશે.
- આ યોજનાનો લાભ ગુજરાત રાજ્યમાં આવેલા કારખાના / સંસ્થામાં કામ કરતા શ્રમયોગીઓના બાળકોને જ આપવામાં આવશે.
- વિદ્યાર્થીઓના વાલી જે કારખાના / સંસ્થામાં કામ કરતા હોય તેમના દ્વારા સંબધિત વાલીનો છેલ્લા ત્રણ વર્ષનો લેબર વેલફેર ફંડ અત્રેની કચેરી ખાતે ભરવામાં આવેલ હશે તેમના બાળકો / વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.
- સી.એ માં પ્રવેશ મેળવવા માટે external exam આપી હશે તેના પુરાવા માન્ય રાખવામાં આવશે નહીં.
- માર્કશીટમાં દર્શાવેલ વિદ્યાર્થીઓ નામનો જ ચેક આપવામાં આવશે.
- અધૂરા દસ્તાવેજ / અધૂરી વિગતે/ ખોટી વિગતે / નિયત સમય મર્યાદા બાદ મળેલ અરજી પત્રક દફતરે કરવામાં આવશે.
- કચેરીનો નિર્ણય આખરી ગણાશે. ન્યાય શ્રેત્ર અહમદાબાદ રહેશે.

બિડાણ:

- ધોરણ - 12 ની માર્કશીટની નકલ સ્વયં પ્રમાણીત નકલ
- M.B.B.S./ B.D.S./ BAMS/ BHMS/ Physiotherapy/ B.Pharm/ B.E./ C.A/ ICWA / ICFA / C.S. પૈકી જે શાખામાં પ્રવેશ મેળવેલ હોય તેની એલોટમેન્ટ લેટર ની નકલ (Allotment Letter) અને ફી જમા કરાવ્યાની રસીદની નકલ
- વિદ્યાર્થીના બેંક પાસબૂકના પ્રથમ પાનાની ઝેરોક્ષ
- વિદ્યાર્થીના આધારકાર્ડની નકલ
- શ્રમયોગીના આધારકાર્ડની નકલ
- છેલ્લા ત્રણ વર્ષની લેબર વેલ્ફેર ફંડ ભર્યાની રસીદ

## 2. શ્રમયોગી મહિલા લગ્ન સહાય યોજના:

- આ યોજના અંતર્ગત તા: 01/01/2018 ના રોજ કે ત્યારબાદ લગ્ન કરેલ હશે તેઓને જ લાભ મળવાપાત્ર થશે.
- શ્રમયોગી મહિલાનો માસિક કુલ પગાર રૂ. 35,000/- થી ઓછો હોવો જોઈએ.
- લગ્ન તારીખથી એક વર્ષની અંદર અરજી કરવાની રહેશે.
- મહિલા શ્રમયોગીઓને પોતાના લગ્ન માટે કન્યાદાન સ્વરૂપે રૂ. 11,000/- ની સહાય મળવાપાત્ર થશે.
- અધૂરી વિગત તથા સંપૂર્ણ બિડાણ વગર રજુ થયેલ અરજી પત્રક તથા સમય મર્યાદા બહાર મળેલ અરજી પત્રક દફતરે કરવામાં આવશે.
- અધૂરી વિગત તથા સંપૂર્ણ બિડાણ વગર રજુ થયેલ અરજી પત્રક તથા સમય મર્યાદા બહાર મળેલ અરજી પત્રક દફતરે કરવામાં આવશે.
- સહાય અન્વયે આખરી નિર્ણય વેલ્ફેર કમિશ્નરશ્રીનો રહેશે. ન્યાય ક્ષેત્ર અમદાબાદ રહેશે.

બિડાણ:

- શ્રમયોગીને કંપની દ્વારા આપવામાં આવેલ ઓળખકાર્ડની નકલ
- મહિલા શ્રમયોગીના આધારકાર્ડની નકલ
- લગ્ન નોંધણી પ્રમાણપત્રની નકલ
- મહિલા શ્રમયોગીના બેંક પાસબૂકના પહેલા પાનાની નકલ (એકાંઉન્ટ નંબર IFSC CODE સાથે)
- સંસ્થા દ્વારા લેબર વેલ્ફેર ફંડ જમા કરાવ્યા રસીદની નકલ (છેલ્લા ત્રણ વર્ષની)

## 3. શ્રમયોગી મહિલા વાહન વ્યાજ સબસીડી યોજના:

- શ્રમયોગી મહિલા છેલ્લા ત્રણ વર્ષથી નોકરી કરતા હોવા જોઈએ અને તેમનો લેબર વેલ્ફેર ફંડ અત્રેની કચેરીમાં જમા થયેલ હોવો જોઈએ.
- શ્રમયોગી મહિલાનો માસિક કુલ પગાર રૂ.35, 000/- થી ઓછો હોવો જોઈએ.

- આ યોજના હેઠળ મહિલા શ્રમયોગી દ્વારા તા: 01/04/2018 પછી ટુ વહીલર વાહન બેંક /ફાઇનાન્સ કંપનીમાંથી લોન લઇ ખરીદી કરેલ હોવું જોઈએ.
- વાહન ખરીદ કર્યા બાદ છ માસની અંદર અરજી કરવાની રહેશે. નવા ખરીદ કરવામાં આવેલ વાહન ઉપર જ સહાય આપવામાં આવશે.
- વાહન ખરીદી લોન ઉપર વ્યાજ સબસીડી પેટે રૂ. 5000/- ની સહાય આપવામાં આવશે.
- વ્યાજ સબસીડીની રકમ મહિલા શ્રમયોગીના બેંક ખાતામાં જમા કરાવવામાં આવશે.
- અધૂરી વિગત અને સંપૂણ બિડાણ સિવાય રજુ થયેલ અરજી પત્રક તથા સમય મર્યાદા બાદ મળેલ ફોર્મ દફતરે કરવામાં આવશે.
- સહાય અન્વયે આખરી નિર્ણય વેલ્ફેર કમિશ્નરશ્રીનો રહેશે. ન્યાયક્ષેત્ર અમદાવાદ રહેશે.

<u>બિડાણ:</u>

- શ્રમયોગીને કંપની દ્વારા આપવામાં આવેલ ઓળખ પત્રની નકલ
- શ્રમયોગી આધારકાર્ડની નકલ
- મહિલા શ્રમયોગી ડ્રાઇવીંગ લાયસન્સ નકલ
- વાહન ખરીદી બીલ નકલ
- વાહન રજીસ્ટ્રેશન બુક/ સ્માર્ટ કાર્ડ નકલ
- બેન્કમાંથી લોન મેળવ્યા અંગેના પત્રની નકલ અથવા હાઈપોથીકેશન લેટર
- બેંક પાસબુક પ્રથમ પાનાની નકલ
- કંપની દ્વારા અત્રેની કચેરી ખાતે ભરપાઈ કરવામાં આવેલ છેલ્લા ત્રણ વર્ષની લેબર વેલ્ફેર ફંડ રસીદ નંબર

## 4. પ્રસુતિ સહાય અને બેટી પ્રોત્સાહન યોજના:

- પ્રસુતિની તારીખ થી 1 (એક) વર્ષની અંદર અરજી કરવાની રહેશે. ત્યારબાદ અરજી ધ્યાને લેવામાં આવશે નહીં.
- શ્રમયોગી છેલ્લા 3 વર્ષની નોકરી કરતા હોવા જોઈએ અને તેમનો લેબર વેલ્ફેર ફંડ અત્રેની કચેરીમાં નિયમિત જમા થયેલ હોવો જોઈએ.
- આ યોજનાનો લાભ મહિલા શ્રમયોગી અથવા પુરુષ શ્રમયોગીની પત્નીને ફક્ત એક પ્રસુતિ પૂરતો મળવા પાત્ર છે.
- જન્મના પ્રમાણપત્ર/ દાખલામાં દર્શાવવામાં આવેલ પ્રસુતાર્થીનું નામ અને બેંક પાસબુકમાં દર્શાવેલ પ્રસુતાર્થીના નામમાં ફેરફાર જણાશે તો સહાય આપવામાં આવશે નહીં.
- અધૂરી વિગતે રજુ થયેલ ફોર્મ દફતરે કરવામાં આવશે.
- સહાય અન્વયે આખરી નિર્ણય વેલ્ફેર કમિશ્નરશ્રીનો રહેશે. ન્યાયક્ષેત્ર અમદાવાદ રહેશે.

બિડાણ:

- બાળકના જન્મના દાખલાની નકલ
- પ્રસુતિ અંગે ડોક્ટરી પ્રમાણપત્રની નકલ
- શ્રમયોગીઓને કારખાના/સંસ્થા દ્વારા આપવામાં આવેલ ઓળખકાર્ડની નકલ
- શ્રમયોગીના આધારકાર્ડની નકલ
- પ્રસુતાર્થિ નો લાભ પુરુષ શ્રમયોગીની પત્ની ને આપવાનો થાય તેવા કિસ્સામાં લગ્ન પ્રમાણપત્ર, પાન કાર્ડ, ચૂંટણી કાર્ડ, રેશનકાર્ડની નકલ બીડાણની રહેશે.(કોઈપણ એક પુરાવો રજુ કરવો)
- સહાયની રકમ પ્રસુતાર્થિ મહિલાના નામે ચુકવવાની હોય પ્રસુતાર્થિની બેંક પાસબુકની પહેલા પાનાની ઝેરોક્ષ નકલ
- કંપની દ્વારા અત્રેની કચેરી ખાતે ભરપાઈ કરવામાં આવેલ રસીદની છેલ્લા ત્રણ વર્ષની નકલ

## 5. શ્રમયોગીના બાળકો માટે રમત -ગમત / સાંસ્કૃતિક કાર્યક્રમ સ્પર્ધામાં ભાગ લેવા પ્રોત્સાહન યોજના:

- શ્રમયોગીઓના બાળકોમાં ખેલ પ્રતિભા તથા કલાત્મક રુચિ વિકસિત થાય અને તાલુકા/ જિલ્લા/ રાજ્ય સ્તરે ભાગ લેવા બાળકોને પ્રોત્સાહન મળે તથા રાજ્યને સારા ખેલાડીઓ/કલાકારો મળે તે હેતુસર યોજના.
- તાલુકા સ્તરે રૂ. ૫,૦૦૦/-, જિલ્લા સ્તરે રૂ. ૧૦,૦૦૦/- તથા રાજ્ય સ્તરે રૂ. ૨૦,૦૦૦/- તથા રાષ્ટ્રિય સ્તરે રૂ. ૫૦,૦૦૦/-
- આ યોજના અંતર્ગત તા. 01/04/2018 થી લાભ આપવામાં આવશે.
- શ્રમયોગીનો સંસ્થા દ્વારા છેલ્લા ત્રણ વર્ષનો લેબર વેલ્ફેર ફંડ કાપીને અત્રેની કચેરી ખાતે જમા કરવામાં આવેલ હશે તો જ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.
- આ યોજના અંતર્ગત તાલુકા કક્ષાએ સિલેક્ટ થનાર વિદ્યાર્થીને રૂ. 5,000/- જિલ્લા સ્તરે રૂ. 10,000/- રાજ્ય સ્તરે રૂ. 20,000/- તથા રાષ્ટ્રીય સ્તરે રૂ.50, 000/- રોકડ પુરસ્કાર આપવામાં આવશે. આંતરરાષ્ટ્રીય સ્તરે સહાય અંગેનો નિર્ણય બોર્ડ દ્વારા લેવામાં આવશે.
- ભારત સરકાર, રાજ્ય સરકાર, સ્પોર્ટ્સ ઓથોરીટી, સંભંધિત રમત - ગમત એસોસીએસન/ ક્લબ દ્વારા આયોજિત સ્પર્ધાઓ માટે જ સહાય મળવાપાત્ર છે. અન્યથા સહાય મંજુર કરવામાં આવશે નહીં.
- સ્પર્ધા શરૂ થતા પહેલા સૈદ્ધાંતિક મજૂરી મેળવવી, અગમ્ય કારણોસર પૂર્વ મંજૂરી મેળવવામાં આવેલ ન હોય તેવા કિસ્સામાં સ્પર્ધા પૂર્ણ થાયે ૩ માસની અંદર સંપૂર્ણ વિગતે દસ્તાવેજી પુરાવા સાથે અરજી કરવાની રહેશે.
- અધૂરી વિગતે, સંપૂર્ણ બિડાણ સિવાય તથા સમય મર્યાદા બહાર રજુ થયેક અરજી પત્રક દફ્તરે કરવામાં આવશે.
- સહાય અન્વયે આખરી નિર્ણય વેલ્ફેર કમિશ્નરશ્રી નો રહેશે. ન્યાયક્ષેત્ર અમદાવાદ રહેશે.

બિડાણ:

- શ્રમયોગીને કંપની દ્વારા આપવામાં આવેલ ઓળખાણની નકલ
- શ્રમયોગીના આધાર કાર્ડની નકલ
- બાળકના આધાર કાર્ડની નકલ
- બાળકો સિલેકશન થયા અંગેનો પુરાવો
- બેંક પાસબુકની પ્રથમ પાનાની નકલ
- કંપની દ્વારા અત્રેની કચેરી ખાતે ભરપાઈ કરવામાં આવેલ લેબર વેલ્ફેર ફંડ રસીડની છેલ્લા ત્રણ વર્ષની નકલ

For further information please contact:


**RSM Astute Consultech Pvt. Ltd.**

RSM Lemon House, G-02 - 05, Gem and Jewellery Park,
Gujarat Hira Bourse, Ichhapore-2, Surat-394510
**Tel.:** +91 90992 08000
**Web:** www.rsmindia.in
**E.** gujarat@rsmindia.in


## Disclaimer and Limitations


This newsflash is general in nature. In this newsflash, we have summarized and provided Labour welfare schemes and benefits which were updated on Gujarat Labour welfare fund website. It may be noted that nothing contained in this newsflash should be regarded as our opinion and facts of each case will need to be analyzed to ascertain applicability or otherwise of the said notification and appropriate professional advice should be sought for applicability of legal provisions based on specific facts. We are not responsible for any liability arising from any statements or errors contained in this newsflash.